જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૮/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૬૪ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૩૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૩૧૮/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ હેઠળ ૦૭ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૯૩/૨૦૨૬**

નારોલઃ મધુદેવી અરવિંદસિંહ રાજપુત (રહે. ન્યુ ઉમંગ ફ્લેટ રંગોલીનગર પાસે નારોલ) એ તા.૦૬/૦૮/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૮/૨૦૨૬ કલાક ૧૧/૦૦ થી તા.૦૫/૦૮/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

સરખેજઃ અતુલ પરષોત્તમભાઈ પટેલ (રહે. હાર્મોટિઝ વીલા બંગલો શાલીગ્રામની બાજુમાં ઇસ્કોન આંબલી રોડ આંબલી) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૬ કલાક ૦૧/૦૦ થી કલાક ૦૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટના ડ્રોઅરમાંથી સોનાના દાગીના, ઘડીયાળ તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૭,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.ચૌધરી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૦૯૪/૨૦૨૬**

નિકોલઃ ઓઢવ રાજેન્દ્ર પાર્ક રોડ પ્રજાપતિ સોસાયટીની સામે રબારી કોલોની ખાતે રહેતા રજતકુમાર સ/ઓ નૈમીલાલ ગોહિલ (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ–અષ્ટુ તા.જી.–ઔરૈયા ઉત્તરપ્રદેશ) તા.૦૬/૦૮/૨૦૨૬ બપોરના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ભક્તિ સર્કલ પાસે આવેલ સૌરાષ્ટ પટેલ સમાજની વાડી પાસે નવી બનતી સાઈટ ખાતે લોખંડના ઘોડા પર ચઢીને પતરાં લગાવવાનું કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડી ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને નવા નરોડા શેલ્બી હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૯૫/૨૦૨૬**

માધવપુરાઃ શાહીબાગ જુની કમિશનર કચેરીની બાજુમાં કેન્દ્રીય સ્કૂલ કંપાઉન્ડના રૂમ નંબર–૦૧ ખાતે રહેતા જાગૃતિબહેન વા/ઓ બિપીનકુમાર શ્રીમાળી (ઉ.વ.૩૦) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૬ રાતના ૦૮/૦૦ થી ૦૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

રામોલઃ રમણભાઇ રામચરણ બાથમ (ઉ.વ.૬૫) (રહે. પંચરત્ન રિલાયન્સ પેટ્રોલપંપ પાછળ રીંગરોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૮/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

ચાંદખેડાઃ (૧) રેખાબેન વા/ઓ નરેન્દ્રભાઈ શ્રીમાળી (ઉ.વ.૫૫) (રહે. અંબિકાનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ બિમારીથી કંટાળી તા.૦૬/૦૮/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલાં પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને ચાંદખેડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે લઈ જતાં ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

ચાંદખેડાઃ (૨) ધ્રુવ સ/ઓ અરવિંદભાઇ પ્રજપતિ (ઉ.વ.૨૩) (રહે. પ્રજાપતિવાસ લક્ષ્મીનગર, પરિમલ હોસ્પિટલ પાછળ મોટેરા સ્ટેડિયમ રોડ મોટેરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૬ કલાક ૦૮/૦૦ થી કલાક ૦૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પાર્થ પ્રતાપભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી